Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:4.081
Volume-12, Issue-4, March-2019 www.researchguru.net

# પ્રાથમિક સ્તરે ગુજરાતી ભાષા વાંચન અર્થગ્રહણ કાર્યક્રમની રચના અને અમલીકરણ

**અમ્રિતા જે. માર્શલ**
**આસિસ્ટંટ પ્રોફેસર,**
**પી.જી. ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન**
**સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર**
E- mail: amritamarshal@gmail.com

**ડૉ. પરેશ બી. આચાર્ય**
**એસોસિએટ પ્રોફેસર,**
**પી.જી. ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન**
**સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર**
E- mail: uro345pa@yahoo.co.in

સારાંશ

આ અભ્યાસનો મુખ્ય હેતુ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની ગુજરાતી ભાષા વાંચન અર્થગ્રહણ કાર્યક્રમની રચના અને અમલીકરણ કરવાનો છે. જે શૈક્ષણિક સિદ્ધિ અને બુદ્ધિના સંદર્ભમાં ચકાસવામાં આવેલ છે. જેમાં આણંદ તાલુકાની સારસા ગામની પ્રાથમિક શાળાના બે વર્ગોને મધ્યક, પ્રમાણવિચલન રીતથી સરખા બનાવી યાદૃચ્છિક રીતે પ્રાયોગિક અને નિયંત્રિત જૂથ નક્કી કરવામાં આવ્યા હતા. પ્રાયોગિક જૂથ પર વાંચન અર્થગ્રહણ કાર્યક્રમની અસરકારકતા તપાસવા સિદ્ધિ કસોટી અને બુદ્ધિ કસોટી દ્વારા માપન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથ વચ્ચે શૈક્ષણિક સિદ્ધિમાં તફાવત જોવા મળ્યો હતો અને શૈક્ષણિક સિદ્ધિ પર માવજત અને બુદ્ધિની આંતરક્રિયાત્મક અસર જોવા મળી હતી. જે **t-** કસોટી અને **ANOVA** દ્વારા મેળવવામાં આવી હતી.

**મુખ્ય ચાવીરૂપ શબ્દોઃ** વાંચન, વાંચન અર્થગ્રહણ, શૈક્ષણિક સિદ્ધિ.

**પ્રસ્તાવનાઃ**

ભાષા શીખવવામાં કુદરતે આપેલી જ્ઞાનેન્દ્રિયો મહત્વની ભૂમિકા ભજવે છે. ઘણી વ્યક્તિઓને ભાષા બોલતા અને ભાષા સાંભળતા જોઇએ છીએ પણ તેઓ ભાષા લખી કે વાંચી શકતા નથી. આમ, ભાષા લખવી, વાંચવી જરૂરી છે તેની સાથો સાથ ભાષાનું અર્થગ્રહણ સમજ કેળવાય અને યોગ્ય રીતે ઉપયોગ કરી શકે તો જ ભાષા આવડે છે તેમ કહી શકાય. આમ, ભાષા ક્ષમતા સાથે સાંભળવું, બોલવું, વાંચવું અને અર્થગ્રહણ કરવું એ પાંચ પ્રવૃત્તિઓ સંકળાયેલી છે.

વાંચન કૌશલ્યોનો અર્થ ગ્રહણાત્મક છે. વાંચન દ્વારા ભાષામાં વ્યક્ત થયેલા અર્થને ગ્રહણ કરે છે, સમજે છે અને પોતાની ભાષાને વધુ સારી રીતે શીખે છે, સુધારે છે, વિકસાવે છે, તેથી તે અર્થગ્રહણ કૌશલ્ય છે.

આમ, વાંચન પ્રક્રિયાનું સમગ્ર હાર્દ અર્થગ્રહણ છે. વાંચક શબ્દનો, શબ્દ સમૂહનો કે ફકરાનો અર્થ સમજી શકતો હોય તે તેનામાં અર્થગ્રહણની ક્ષમતા છે, એમ કહેવાય.

રાજકોટ શહેરના ધોરણ નવમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ગુજરાતી ભાષા વાંચન અર્થગ્રહણ ક્ષમતા વિકસાવવા માટેના કાર્યક્રમની રચના અને અસરકારકતામાં (પટેલ, ૨૦03)માં તારણ મળે છે કે વાંચન અર્થગ્રહણ ક્ષમતા વિકાસ કાર્યક્રમનો પ્રત્યક્ષ અનુભવ મેળવનાર વિદ્યાર્થીઓની વાંચન - અર્થગ્રહણ ક્ષમતા અને વાંચન અર્થગ્રહણ ક્ષમતા પર કોઇ અનુભવ ન મેળવનાર વિદ્યાર્થીઓની વાંચન અર્થગ્રહણ ક્ષમતાથી ઊંચી હતી.

**અભ્યાસનું મહત્વઃ**

- આ વાંચન અર્થગ્રહણ કાર્યક્રમથી વિદ્યાર્થીઓમાં વાંચન ટેવ સુધરશે અને કાર્યક્રમની અસરથી તેમને વાંચનમાં આનંદ પ્રાપ્ત થશે.
- આ અભ્યાસથી વિદ્યાર્થીઓની વાંચન અર્થગ્રહણ ક્ષમતા વધુ સક્ષમ થશે જેથી બીજા વિષયમાં પણ તેમને ઉપયોગી થશે અને વ્યક્તિગત અને વ્યાવહારિક જીવનમાં પણ ઉપયોગી થશે.

**સમસ્યા વિધાનઃ**

પ્રાથમિક સ્તરે ગુજરાતી ભાષા વાંચન અર્થગ્રહણ કાર્યક્રમની રચના અને અમલીકરણ.

પ્રસ્તુત સંશોધનમાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી ભાષા વાંચન અર્થગ્રહણ કાર્યક્રમની રચના કરી તેનું અમલીકરણ કરવામાં આવશે. વાંચન અર્થગ્રહણ કાર્યક્રમની તાલિમ મેળવનાર અને વાંચન અર્થગ્રહણ કાર્યક્રમની તાલિમ ન મેળવનાર વિદ્યાર્થીઓનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવશે. ઉપરાંત બુદ્ધિના સંદર્ભમાં પણ અભ્યાસ કરવામાં આવશે.

**અભ્યાસના હેતુઓઃ**

- ધોરણ - ૮ ના વિદ્યાર્થીઓની ગુજરાતી ભાષા વાંચન અર્થગ્રહણ ક્ષમતા વિકસાવવાના કાર્યક્રમની રચના કરવી.
- ધોરણ - ૮ ના વિદ્યાર્થીઓની ગુજરાતી ભાષા વાંચન અર્થગ્રહણ ક્ષમતા વિકસાવવાના કાર્યક્રમની અસર તપાસવી.
- ધોરણ - ૮ ના વિદ્યાર્થીઓની ગુજરાતી ભાષા વાંચન અર્થગ્રહણ અને ગુજરાતી ભાષા વાંચન અર્થગ્રહણ નહિ. કાર્યક્રમનો શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં તુલનાત્મક અસરકારકતાનો અભ્યાસ કરવો.
- માવજત અને બુદ્ધિનો શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં આંતરક્રિયાત્મક અસરનો અભ્યાસ કરવો.

**અભ્યાસની ઉત્કલ્પનાઓઃ**

**$Ho_1$**: પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના વાંચન અર્થગ્રહણ પરના પ્રાપ્તાંકો ની સરાસરી વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય.

**Ho$_2$:** વાંચન અર્થગ્રહણના સરાસરી પ્રાપ્તાંકો પર માવજત અને બુદ્ધિની આંતરક્રિયાત્મક અસર સાર્થક નહીં હોય.

**અભ્યાસના ચલઃ**

**સ્વતંત્ર ચલ**

(૧) અધ્યાપન પદ્ધતિ કક્ષાઓ
- વાંચન અર્થગ્રહણ કાર્યક્રમ
- વાંચન અર્થગ્રહણ કાર્યક્રમ નહિ.

(૨) બુદ્ધિ કક્ષાઓ
- ઉચ્ચ બુદ્ધિ
- નિમ્ન બુદ્ધિ

**પરતંત્ર ચલઃ** શૈક્ષણિક સિદ્ધિ

**સંશોધન પ્રકાર, પદ્ધતિ અને ક્ષેત્રઃ**

**સંશોધન પ્રકારઃ**

આ અભ્યાસમાં પ્રાચલિય કસોટી દ્વારા પ્રાપ્તાંકોનું અંક શાસ્ત્રીય પૃથક્કરણ કરવામાં આવે છે માટે સંખ્યાત્મક સંશોધન છે.

**સંશોધન પદ્ધતિઃ**

આ અભ્યાસમાં "**2 × 2**' આવયવિક પ્રાયોગિક યોજના પસંદ કરવામાં આવી છે.

**સંશોધન ક્ષેત્રઃ**

આ અભ્યાસમાં ગુજરાતી ભાષા વાંચન અર્થગ્રહણની તપાસ કરવાની હોવાથી "ગુજરાતી વિષય' સંશોધન ક્ષેત્ર છે.

**વ્યાપવિશ્વ અને નમૂનોઃ**

આ અભ્યાસમાં આણંદ તાલુકાની ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળાઓમાંથી યાદૃચ્છિક રીતે સારસા ગામની પ્રાથમિક શાળાના કુલ ચાર વર્ગોમાંથી મધ્યક સરાસરી, પ્રમાણવિચલનની રીતથી બે વર્ગો પસંદ કરવામાં આવ્યા હતા. જેમાં યાદૃચ્છિક રીતે પ્રાયોગિક જૂથમાં ૪૦ અને નિયંત્રણ જૂથમાં ૪૦ એમ કુલ ૮૦ વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**સંશોધન કાર્યક્રમ અને ઉપકરણઃ**

વાંચન અર્થગ્રહણ કાર્યક્રમ અંતર્ગત વિવિધ કુલ ૧૦ - ફકરાઓનું વાંચન કરવામાં આવેલું હતું. શરૂઆતમાં કે.જી. દેસાઇ શાબ્દિક અશાબ્દિક સમૂહ બુદ્ધિ કસોટી અજમાયશ કરવામાં

આવેલી હતી અને કાર્યક્રમને અંતે સિદ્ધિ કસોટી દ્વારા તેમની શૈક્ષણિક સિદ્ધિનું માપન કરવામાં આવેલ હતું.

**માહિતી પૃથક્કરણની પ્રક્રિયાઃ**

મળેલ સંખ્યાત્મક પ્રાપ્તાંકોનું પ્રાચલિય **t-** કસોટી અને વિચરણ પૃથક્કરણ દ્વારા પૃથક્કરણ કરવામાં આવેલ છે.

**ઉત્કલ્પનાની ચકાસણીઃ**

**$Ho_1$**: પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના વાંચન અર્થગ્રહણ પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય.

સારણી - 1

પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના વાંચન અર્થગ્રહણ પરના પ્રાપ્તાંકોની સરાસરીના તફાવતની સાર્થકતા

| જૂથ | N | M | SD | $SE_D$ | c.r. કિંમત | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| પ્રાયોગિક | ૪૦ | ૩૩.૭૫ | ૬.૩૪ | ૧.૩૫ | ૬.૨૬ | ૦.૦૧ |
| નિયંત્રિત | ૪૦ | ૨૫.૩૦ | ૫.૭૧ | | | |

અહિંયા ગણતરી કરેલ **c.r.** કિંમત (૬.૨૬) સારણીની **c.r.** કિંમત (૨.૫૮) ૦.૦૧ કક્ષાએ કરતા વધુ છે માટે **$Ho_1$**: પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના વાંચન અર્થગ્રહણ પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોયનો અસ્વિકાર કરવામાં આવે છે.

**$Ho_2$**: વાંચન અર્થગ્રહણના સરાસરી પ્રાપ્તાંકો પર માવજત અને બુદ્ધિની આંતરક્રિયાત્મક અસર સાર્થક નહીં હોય.

સારણી - ૨

વાંચન અર્થગ્રહણના સરાસરી પ્રાપ્તાંકો પર માવજત અને બુદ્ધિની આંતરક્રિયાત્મક અસર સાર્થક નહીં હોયની સાર્થકતા

પરતંત્ર ચલઃ શૈક્ષણિક સિદ્ધિ

| Source | Type III Sum of squares | df | Mean scores | F | Sig |
|---|---|---|---|---|---|
| માવજત | ૧૪૪૭.૨૨ | 1 | ૧૪૪૭.૨૨ | ૫૭.૬૨ | ૦.૦૦ |
| બુદ્ધિ | ૫૯૮.૯૫ | ૨ | ૨૯૯.૪૭ | ૧૧.૯૨ | ૦.૦૦ |
| માવજત * બુદ્ધિ | ૨૮૪.૪૫ | ૨ | ૧૯૨.૨૨ | ૭.૭૫ | ૦.૦૦ |

અહિંયા **P** મૂલ્ય ૦.૦૦ મળે છે. જે ૦.૦૧ સાર્થકતા કક્ષા કરતા ઓછું છે. માટે માવજત, બુદ્ધિ અને માવજત * બુદ્ધિ માટેની ઉત્કલ્પના **$Ho_2$**: વાંચન અર્થગ્રહણના સરાસરી પ્રાપ્તાંકો પર માવજત અને બુદ્ધિની આંતરક્રિયાત્મક અસર સાર્થક નહીં હોયનો અસ્વિકાર કરવામાં આવે છે.

**પરિણામ અને ચર્ચાઃ**

**$Ho_1$:** માટે પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓના વાંચન અર્થગ્રહણ પરના પ્રાપ્તાંકોની સરાસરી ૩૩.૭૫ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના વાંચન અર્થગ્રહણ પરના પ્રાપ્તાંકોની સરાસરી ૨૫.૩૦ જોવા મળે છે. એટલે વાંચન અર્ગગ્રહણ કાર્યક્રમ અધ્યાપનની અસર જોવા મળી છે.

**$Ho_2$:** માટે વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર માવજતની અસર જોવા મળી હતી. તેમજ બુદ્ધિ કક્ષાના સંદર્ભમાં પણ આ અસર જોવા મળી હતી. તેમજ વાંચન અર્થગ્રહણ પર માવજત અને બુદ્ધિની આંતરક્રિયાત્મક અસર જોવા મળી હતી.

**અભ્યાસનો નિષ્કર્ષઃ**

મળેલ પરિણામોને આધારે આપણે નક્કી કરી શકીએ કે વાંચન અર્થગ્રહણ કાર્યક્રમની અસર શૈક્ષણિક સિદ્ધિ ઉપર જોવા મળેલ છે. એટલે પ્રયોગ કાર્યક્રમની અસર જોવા મળી છે. આમ, વિદ્યાર્થીઓને વર્ગખંડમાં જો વાંચન અર્થગ્રહણ કરાવવામાં આવે તો તેમની ગુજરાતી વિષયની સિદ્ધિ વધી શકે છે.

**શૈક્ષણિક ફલિતાર્થઃ**

- વિદ્યાર્થીઓ આ કાર્યક્રમથી ગુજરાતી ભાષા અને અન્ય વિષયો સમજી શકશે.
- વિદ્યાર્થીઓ જટિલ, કઠિન વિષયવસ્તુને પણ સમજી શકશે.
- જે વિદ્યાર્થીઓ વાંચન અર્થગ્રહણમાં નબળા હોય તેમને શિક્ષક આ કાર્યક્રમથી અધ્યાપન કરાવી તેમની વાંચન અર્થગ્રહણ ક્ષમતા સુધારવાનો પ્રયત્ન કરશે.

**સંદર્ભસૂચિ**


દવે, જે. કે. અને અન્યો, (૧૯૯૬). વાંચન શિક્ષણ, અમદાવાદઃ બી.એસ. શાહ પ્રકાશન.

દેસાઇ, એચ. જી. અને દેસાઇ કે. જી. (૧૯૮૫). સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ. અમદાવાદઃ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

એન.સી.ઇ.આર. ટી. (૧૯૬૬). ટીચીંગ ઓફ રીડીંગ એ ચેલેન્જ. ન્યૂ દિલ્હીઃ પબ્લિકેશન યુનિટ.

ત્રિવેદી, એમ.ડી. અને પારેખ બી.યુ. (૧૯૭૧). શિક્ષણમાં આંકડાશાસ્ત્ર. અમદાવાદઃ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

પટેલ, ભા. અને ઉપાધ્યાય, ઇ. (૧૯૯૪). વાંચન વિજ્ઞાન. અમદાવાદઃ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

પટેલ, બી. વી. અને અન્યો. વાંચન સુધાર કાર્યક્રમ. વલ્લભ વિદ્યાનગરઃ એમ.બી.પી.સી.ઇ.

ત્રિવેદી, આર. અને પટેલ, બી.વી. (૧૯૭૫). વાંચન શિક્ષણ મીમાંસા. વલ્લભ વિદ્યાનગરઃ સરદાર પટેલ યુનિવર્સિટી પ્રેસ.